**જાહેરાત**

**ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર - ગાંધીધામ માટે ૧૧ માસના સંપૂર્ણ પણે કરાર આધારિત જગ્યાઓ ભરવા માટે વોક-ઈન-ઈન્ટરવ્યુ-શારિરીક કસોટી**

**પ્રાંત કચેરી-અંજાર, જીમખાનાની બાજુમાં, આદિપુર રોડ, મું. અંજાર, જિ. કચ્છ, ફો.૦૨૮૩૬- ૨૪૩૩૪૫**

1) ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર- ગાંધીધામ માટે ૧૧ માસના સંપુર્ણ કરાર આધારીત નીચે જણાવેલ જગ્યા તાત્કાલિક ધોરણે ભરવા માટે ઉમેદવારો પસંદ કરવા માટે રૂબરૂમાં અથવા ટપાલ દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૪** સુધી પ્રાંત અધિકારી- અંજારને ઉપર જણાવેલ સરનામે અરજી કરવાની રહેશે. ઉમેદવારે નીચે જણાવેલ નમુના અરજીમાં પોતાની તમામ વિગત ભરીને અને જરૂરી પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત કરેલ નકલ સહિત મોકલવાની રહેશે.

૨. જે ઉમેદવારે ક્રમ નં. ૧, ૨, ૬, ૭ તથા ૮ વાળી જગ્યા પર અરજી કરેલ હોય તેવા લાયકાત અને શારિરીક ક્ષમતા ધરાવતા ઉમેદવારોએ જણાવવામાં આવે તે તારીખ અને સમયે ઉપર જણાવેલ સરનામે મૌખિક ઈન્ટરવ્યુ આપવા અચુક હાજર રહેવાનું રહેશે. તેમજ ઈન્ટરવ્યુ શરૂ થયા પહેલા ઉમેદવારોએ અરજીમાં જણાવેલ તમામ લાયકાતના જેવી કે શૈક્ષણિક, શારીરીક અને અનુભવના અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે. ચકાસણીમાં લાયક ઠરેલ ઉમેદવારોના જ મૌખિક ઈન્ટવ્યુ લેવામાં આવશે.

૩. જે ઉમેદવારે ક્રમ નં. ૩, ૪ તથા ૫ વાળી જગ્યા પર અરજી કરેલ હોય તેવા લાયકાત અને શારિરીક ક્ષમતા ધરાવતા ઉમેદવારોએ જણાવવામાં આવે તે તારીખ અને સમયે ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર, રાજવી ફાટકની નજીક, ગાંધીધામ-કચ્છ ખાતે અચુક હાજર રહેવાનું રહેશે. તેમજ નક્કી કરેલ સ્થળે લાયક ઉમેદવારોની પ્રથમ શારિરીક કસોટી લેવામાં આવશે, જેમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોના જ મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

૪. ઉમેદવારોએ મૌખિક ઈન્ટરવ્યુ અને શારિરીક પરીક્ષામાં અસલ પ્રમાણપત્રો સાથે અચુક હાજર રહેવાનું રહેશે. જે તે ઉમેદવારોએ ઉક્ત પેરામાં નિયત કરેલ સમયે અને સ્થળે મૌખિક ઈન્ટરવ્યુ તથા શારિરીક કસોટી માટે પોતાના સ્વ-ખર્ચે તથા જોખમે હાજર રહેવાનું રહેશે. અન્યથા જે તે ઉમેદવારની જવાબદારી રહેશે. અત્રેથી મૌખિક ઈન્ટરવ્યુ તથા શારિરીક કસોટી માટે કોલ લેટર ઈસ્યુ કરવાના રહેતા હોઈ, તમામ ઉમેદવારોએ તેમના પુરા સરનામા, મોબાઈલ નંબર તથા Email-ID સાથે અરજી કરવાની રહેશે. અન્યથા જાણ ન થાય તો ફોન નં. ૦૨૮૩૬ - ૨૪૩૩૪૫ ઉપર પોતે મૌખિક ઈન્ટરવ્યુ માટે પસંદગી પામેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરી લેવાની રહેશે.

## ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર, ગાંધીધામ માટે મહેકમની જગ્યા, પગાર, ઉંમર અને લાયકાતની વિગતો

| ક્રમ | હોદ્દો | ખાલી જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ પગાર | શૈક્ષણિક-ટેકનીકલ લાયકાત | શારીરિક / પ્રેક્ટીકલ લાયકાત | અનુભવ | ઉંમર (વર્ષ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડિવીઝનલ ફાયર ઓફિસર | ૧ | ૩૫૦૦૦ | 1) ડીવીઝનલ ઓફીસરનો કોર્ષ અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો એડવાન્સ ડિપ્લોમા ઈન ફાયર એન્જિનિયર કોર્ષ<br>2) કોઈપણ માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતકની ડીગ્રી અથવા સમકક્ષ | 1. મીનીમમ ઉંચાઈ : 165 cm<br>2. ચેસ્ટ : ફુલાવ્યા વગર : મીનીમમ 76 cm ફુલાવેલી : મીનીમમ 81 cm તફાવત : મીનીમમ 5 cm<br>3. વજન : મીનીમમ 50 kg | • મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા રાજ્ય સરકારના ફાયર બ્રીગેડ સ્ટેશનના સ્ટેશન ઓફીસર તરીકેનો ૫(પાંચ) વર્ષનો અનુભવ | • ઉંમર વધુમાં વધુ ૪૮ વર્ષ<br>• હાલમાં ખાતામાં ફરજ બજાવતા ઉમેદવારોને ઉંમર મર્યાદા લાગુ પડશે નહિં |
| ૨ | સ્ટેશન ઓફિસર | ૧ | ૨૮૫૦૦ | 1) માન્ય યુનિવર્સિટીના સ્નાતક અથવા સમકક્ષ<br>2) નેશનલ ફાયર સર્વિસ કોલેજ નાગપુરનો સ્ટેશન ઓફીસર અથવા ડિપ્લોમા ઈન ફાયર એન્જિનીયર અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો સબ ઓફીસરનો કોર્સ પાસ<br>3) હેમ રેડીયો લાયસન્સ ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે | • ઉપર મુજબ | • સબ ઓફીસર તરીકે સરકારી કે અર્ધસરકારી ફાયર સ્ટેશનનો પાંચ વર્ષનો અનુભવ | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | લીડીંગ ફાયરમેન | ૪ | ૨૩૦૦૦ | 1) ૧૨ પાસ અથવા સમકક્ષ<br>2) સરકાર માન્ય ફાયર ટ્રેનિંગ સ્કૂલમાંથી પ્રાથમિક ફાયર ફાયટીંગ ટ્રેનીંગ કોર્ષ પાસ<br>3) હેમ રેડીયો લાયસન્સ ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે | • ઉપર મુજબ | • સરકારી કે અર્ધસરકારી ફાયર સ્ટેશનમાં ફાયરમેન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ<br>• હાલમાં ખાતામાં ફરજ બજાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે |
| ૪ | ફાયરમેન | ૨૯ | ૨૦૦૦૦ | 1) ધોરણ-૧૦ પાસ અથવા સમકક્ષ<br>2) સરકાર માન્ય ફાયર ટ્રેનિંગ સ્કૂલમાંથી પ્રાથમિક ફાયર ફાયટીંગ ટ્રેનીંગ કોર્ષ પાસ<br>3) છ માસની ફાયરમેન તરીકેની ટ્રેનીંગ લીધેલ ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે | • ઉપર મુજબ | • સરકારી કે અર્ધસરકારી ફાયર સ્ટેશનમાં ફાયરમેન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ |
| ૫ | ડ્રાઈવર કમ ઓપરેટર | ૧૦ | ૨૦૦૦૦ | 1) ધોરણ-૧૦ પાસ અથવા સમકક્ષ<br>2) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ પાંચ વર્ષ જુનું ધરાવતા હોવા જોઈએ(HPV & HGV)<br>3) ફાયરબ્રીગેડના વાહનોમાં આવતા તમામ પ્રકારના ઉપકરણોને ઓપરેટ કરવાની જાણકારી જરૂરી | • ઉપર મુજબ | • ફાયરમેન તરીકેનો અથવા ફાયર બ્રિગેડ પંપ ઓપરેટર તરીકેનો ૩(ત્રણ) વર્ષનો અનુભવ<br>• | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | ઓટોમોબાઈલ એન્જીનીયર | ૧ | ૨૩૦૦૦ | 1) ઓટોમોબાઈલ ઈજનેરનો ડિપ્લોમા કોર્ષ પાસ કરેલ | ---------- | • પેટ્રોલ/ડિઝલના વર્કશોપનો ૫ વર્ષનો અનુભવ | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ<br>• હાલમાં ખાતામાં ફરજ બજાવતા ઉમેદવારોને ઉંમર મર્યાદા લાગુ પડશે નહિં |
| ૭ | ઓટોમોબાઈલ ઈલેક્ટ્રીસીયન | ૧ | ૨૩૦૦૦ | 1) ઓછામાં ઓછો ઓટોમોબાઈલ ઈલેક્ટ્રીસીયનનો આઈ.ટી.આઈ. કોર્ષ | ---------- | • પેટ્રોલ/ડિઝલના વર્કશોપનો ૫ વર્ષનો અનુભવ | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ હાલમાં ખાતામાં ફરજ બજાવતા ઉમેદવારોને ઉંમર મર્યાદા લાગુ પડશે નહિં |
| ૮ | મિકેનીક | ૧ | ૨૩૦૦૦ | 1) મોટર મીકેનીક વ્હીકલ (એમ.એમ .વી.) અથવા મિકેનીક ડીઝલ (૨-વર્ષનો કોર્ષ)<br>2) ધોરણ ૧૦ પાસ ફરજિયાત | ---------- | • પેટ્રોલ/ડિઝલના વર્કશોપનો ૭ વર્ષનો અનુભવ | • ઉંમર ૨૦ થી ૩૫ વર્ષ<br>• હાલમાં ખાતામાં ફરજ બજાવતા ઉમેદવારોને ઉંમર મર્યાદા લાગુ પડશે નહિં |

ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર, ગાંધીધામ માટે ઉક્ત મહેકમ જગ્યાઓ પૈકી

1) લીડીંગ ફાયરમેન, 2) ફાયરમેન તથા 3) ડ્રાઈવર કમ ઓપરેટરની

શારિરીક કસોટી નીચે મુજબ રહેશે.

| લાંબી કુદ | ઉંચી કુદ | ૮૦૦ મીટર દોડ | ૨૦૦ મીટર સ્વીમીંગ | રસ્સો ચડવો | થાંભલો ચડવો | સીડી ચડવી | તરણ/સ્વીમીંગ |
|---|---|---|---|---|---|---|---|
| ૩.૮૦ મીટર ઓછામાં ઓછું | ૧.૦ મીટર ઓછામાં ઓછું | વધુમાં વધુ ૧૭૦ સેકન્ડ | વધુમાં વધુ ૪૦૦ સેકન્ડ | ૬ મીટર ઉંચાઈ | નક્કી કરેલ ઉંચાઈ સુધી | ફાયર ફાઈટીંગ લેડર ઉપર ચડવું | પાણીમાં ફસાયેલ વ્યક્તિને પાણીમાંથી બહાર કાઢવો |